# ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર

## કરાર આધારીત જગ્યા ભરવા માટે વોક ઈન ઈન્ટરવ્યુની જાહેરાત

ભાવનગર મહાનગરપાલિકામાં મ્યુનિસિપલ બોન્ડ અંગેની કાર્યવાહી માટે હિસાબી શાખામાં નીચે જણાવેલ કરાર આધારીત જગ્યાઓ ૬ માસ અથવા આ કામગીરી પૂર્ણ થાય તે બે માથી જે વહેલું હોય ત્યાં સુધી ભરવા માટેની પ્રતિક્ષા યાદી બનાવવા માટે ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ શૈક્ષણીક લાયકાત અને અનુભવનાં અસલ પ્રમાણપત્રો તથા તેની સ્વપ્રમાણીત નકલ તથા પાસપોર્ટ સાઈઝ ફોટો અને આઈ.ડી.પ્રુફની નકલ સાથે તા.૧૨/૩/૨૦૨૪ ના રોજ સવારે ૧૧–૦૦ કલાકથી બપોરના ૨–૦૦ કલાક સુધીમાં વોક ઈન ઈન્ટરવ્યુ માટે કમિશનર કચેરી, મીટીંગ હોલ,ભાવનગર મહાનગરપાલિકા ખાતે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

| જગ્યાનું નામ : | સી.એ./ ઈન્ટર સી.એ. |
|---|---|
| શૈક્ષણીક લાયકાત : | – સી.એ.(બીન અનુભવી) અથવા ઈન્ટર સી.એ. પાસ અથવા IPCC પાસ (બે–વર્ષનો અનુભવ)<br>– ઈન્ટરશીપનો સમયગાળો અનુભવ તરીકે માન્ય રહેશે નહિં.<br>– અંગ્રેજીમાં પત્ર વ્યવહાર કરી શકે તે અરજદારને અગ્રતા આપવામાં આવશે. |
| પ્રતિ માસ ફિકસ પગાર : | – સી.એ. માટે રૂા. ૪૦,૦૦૦/–<br>– ઈન્ટર સી.એ. અથવા IPCC માટે રૂા. ૩૫,૦૦૦/– |
| વય મર્યાદા : | તા.૧૬/૩/૨૦૨૪ના રોજ ૨૧ વર્ષથી વધુ અને ૪૫ વર્ષથી ઓછી |

**–:: શ ર તો ::–**

(૧) નિમણુંક પામનાર ઉમેદવારને અત્રેથી જે શરતો અને બોલીઓ જણાવવામા આવે તે બંધનકર્તા રહેશે.

(૨) જે ઉમેદવાર અન્ય સંસ્થા (સરકારી કે બિનસરકારી સંસ્થા) માં હોય તેવા ઉમેદવારોએ સંસ્થાનું ના–વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) સદર ભરતી માટે કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. જેને પડકારી શકાશે નહી.

(સહી) એન.વી.ઉપાધ્યાય
IAS
કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા

તા.૬/૩/૨૦૨૪